# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૭/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વડાપ્રધાન મોદીએ નિર્યાતકારોને વિદેશોમાં નિર્યાત માટેની નવી તકો શોધવા તેમજ નિર્યાત વધારવા હાંકલ કરી

## ઈન્ડસ્ટ્રીઝને પણ બેસ્ટ ટેકનોલોજી તરફ જવું પડશે અને ઇનોવેશન ઉપર ફોકસ કરવું પડશે, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં હિસ્સેદારી વધારવી જ પડશે : વડાપ્રધાન મોદી

**સુરત.** ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવાર, તા. ૬ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સાંજે ૬:૦૦ કલાકે દેશભરના એમ્બેસેડર્સ, હાઇ કમિશનર્સ, કેન્દ્ર તથા રાજ્ય સરકારના અધિકારીઓ, જુદી–જુદી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ અને ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોને વર્ચ્યુઅલ કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કર્યુ હતું. આ વર્ચ્યુઅલ કોન્ફરન્સમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ આશીષ ગુજરાતી, ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા અને તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ દિનેશ નાવડિયા તથા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો જોડાયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, હાલનો સમય ભારતને સ્વતંત્રતાના ૭૫મા વર્ષની ઉજવણીની સાથે સાથે ભારતની સ્વતંત્રતાને એક કલીયર વિઝન – રોડમેપના નિર્માણ માટેના અવસરનો છે. એકસપોર્ટના એકસપાન્શન માટે વિશ્વભરમાં નવી સંભાવનાઓ ઉભી થઇ રહી છે. આઝાદી પહેલાના સમયે ગ્લોબલ ઇકોનોમીમાં ભારતની સૌથી વધુ હિસ્સેદારી હતી અને તેનું મુખ્ય કારણ ભારતનો શકિતશાળી વેપાર

અને એકસપોર્ટ હતું. આ જૂની હિસ્સેદારીને પરત મેળવવા માટે તેમણે નિર્યાતકારોને ગ્લોબલ સપ્લાય ચેઇનને લઇને વ્યાપક નવી તકોને ઝડપી લેવા માટે પૂર્ણ તાકાતની સાથે આગળ વધવા હાંકલ કરી હતી.

હાલમાં એકસપોર્ટ, જીડીપીના આશરે ૨૦ ટકા છે. અર્થ વ્યવસ્થાની સાઇઝ, પોટેન્શીયલ, મેન્યુફેકચરીંગ અને સર્વિસ ઇન્ડસ્ટ્રીઝના બેઝને ધ્યાને લઇએ તો તેમાં ઘણી વૃદ્ધિની સંભાવના છે. એવામાં આજે દેશ આત્મનિર્ભર ભારતના મીશન ઉપર ચાલી રહયો છે ત્યારે તેનું એક લક્ષ્ય એકસપોર્ટના ગ્લોબલ સપ્લાય ચેઇનમાં ભારતની હિસ્સેદારી ખૂબ જ ઝડપથી વધારવાની છે. એટલા માટે નકકી કરવાનું છે કે ઇન્ટરનેશનલ ડિમાન્ડ અનુસાર આપણને એકસેસ મળે. જેથી આપણા બિઝનેસ પોતાને સ્કેલઅપ કરી શકે અને ગ્રો કરી શકે. એના માટે ઇન્ડસ્ટ્રીઝને પણ બેસ્ટ ટેકનોલોજી તરફ જવું પડશે અને ઇનોવેશન ઉપર ફોકસ કરવું પડશે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં હિસ્સેદારી વધારવી જ પડશે. ગ્લોબલ વેલ્યુ ચેઇનમાં આપણા શેર આ રસ્તે જ ચાલીને વધી શકશે. કોમ્પીટિશન અને એકસલન્સને પ્રોત્સાહિત કરવાની સાથે જ આપણે દરેક સેકટરમાં ગ્લોબલ ચેમ્પીયન્સ તૈયાર કરવાના છે.

**વડાપ્રધાને એકસપોર્ટ વધારવા નીચે મુજબ મહત્વના ચાર ફેકટર્સ ગણાવ્યા હતા**

**૧.** દેશમાં કવોલિટી મેન્યુફેકચરીંગને ઝડપથી વધારવું પડશે.
**૨.** ટ્રાન્સપોર્ટની લોજિસ્ટીક સમસ્યાઓ દૂર કરવી પડશે.
**૩.** એકસપોર્ટની સાથે સરકારને ખભેખભા મિલાવીને ચાલવું પડશે.
**૪.** ભારતીય પ્રોડકટ માટે ઇન્ટરનેશનલ માર્કેટ ઉભું કરવું પડશે.

આ ચારેય ફેકટર્સ એકજુટ થશે ત્યારે જ ભારતનું લોકલ, ગ્લોબલ થશે અને મેક ઇન ઇન્ડિયા ફોર ધ વર્થના લક્ષ્યને સારી રીતે હાંસલ કરી શકાશે.

**....તો દેશને એકસપોર્ટ અને મેન્યુફેકચરીંગના નવા ગ્લોબલ ચેમ્પીયન્સ મળશે**

આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત કોમ્પ્લાયન્સમાં અનેક રિલેકસેશન આપવામાં આવ્યા છે. આથી ઇકોનોમિક એકટીવિટીઝને સુચારુરૂપે ચલાવવું સરળ બન્યું છે. રૂપિયા ૩ લાખ કરોડની ઇમર્જન્સી ક્રેડીટ લાઇન ગેરંટી સ્કીમથી એમ.એસ.એમ.ઇ. તથા અન્ય પ્રભાવિત સેકટર્સને રાહત મળી છે. રિકવરી અને ગ્રોથને પ્રોત્સાહિત કરવા માટે હાલમાં દોઢ લાખ કરોડ રૂપિયા અન્ય મંજૂર કર્યા છે. પ્રોડકશન લીન્ક ઇન્સેન્ટીવ સ્કીમથી આપણી મેન્યુફેકચરીંગ સ્કેલ જ નહી પણ ગ્લોબલ કવોલિટી અને એફિશિયન્સીનો દરજ્જો વધારવા માટે મદદ મળશે. આનાથી આત્મનિર્ભર ભારતના મેડ ઇન ઇન્ડિયાનું નવું ઇકો સિસ્ટમ વિકસિત કરવા માટે સુવિધા થશે. સાથે જ દેશને એકસપોર્ટ અને મેન્યુફેકચરીંગના નવા ગ્લોબલ ચેમ્પીયન્સ મળશે.

હાલમાં જ સરકારે એકસપોર્ટને લઇને એક મોટો નિર્ણય કર્યો છે. જેમાં નિર્યાતકારોને ઇન્સ્યુરન્સ કવરના રૂપમાં લગભગ રૂપિયા ૮૮૦૦૦ કરોડનું બુસ્ટ મળી રહેશે. આ જ પ્રકારે એકસપોર્ટ ઇન્સેન્ટીવને રેશનલાઇઝ કરવામાં ડબ્લ્યૂ.ટી.ઓ. કમ્પ્લાયન્ટ બનાવવાથી પણ એકસપોર્ટને તાકત મળી રહેશે. રાજ્યોમાં એકસપર્ટ હબ બને તે માટે હેલ્ધી કોમ્પીટિશનને પ્રમોટ કરવામાં આવી રહયું છે. દરેક જિલ્લામાં એક પ્રોડકટ માટે રાજ્ય સરકારોને જણાવવામાં આવી રહયું છે.

## દેશમાં સ્ટીમલેસ અને હાય કવોલિટી સપ્લાય ચેઇનનું નિર્માણ કરવાનું છે

અડધુ એકસપોર્ટ માત્ર ૪ સ્થળો માટે થઇ રહયું છે. કુલ એકસપોર્ટના ૬૦ ટકા એકસપોર્ટ એન્જીનિયરીંગ ગુડ્સ, જેમ એન્ડ જ્વેલરી, પેટ્રોલિયમ એન્ડ કેમિકલ પ્રોડકટ્સ અને ફાર્માસ્યુટીકલ સાથે જોડાયેલું છે. અન્ય દેશોમાં પહોંચવા માટે મનન કરવું પડશે. નવા ડેસ્ટીનેશન શોધવા પડશે. માઇનીંગ, ડિફેન્સ, રેલ્વેઝ સેકટરને ખોલવાથી ઉદ્યોગ સાહસિકોને એકસપોર્ટ માટે નવી તકો મળી રહી છે. આથી નવા સેકટર માટે ભવિષ્યની સ્ટ્રેટેજીસ બનાવવી પડશે. એકસપોર્ટથી દેશના અર્થતંત્રને લાભ થાય તે માટે દેશમાં સ્ટીમલેસ અને હાય કવોલિટી સપ્લાય ચેઇનનું નિર્માણ કરવાનું છે.

## નિર્યાતકારો સ્ટાર્ટ–અપને પ્રમોટ કરે

નિર્યાતકારો એમ.એસ.એમ.ઇ., ખેડૂતો, માછીમારો સાથે સંપર્ક વધારે અને સ્ટાર્ટ–અપને પ્રમોટ કરે. ફૂડ પ્રોસેસિંગ, ફ્રુટ્સ અને ઓર્ગેનિક એગ્રીકલ્ચર પ્રોડકટની વિશ્વભરમાં માર્કેટની સંભાવના છે. હાલનો સમય બ્રાન્ડ ઇન્ડિયા માટે નવા લક્ષ્યો સાથે નવી મુસાફરીનો છે. કવોલિટી અને રિલાયબિલિટીની ઓળખ પ્રસ્થાપિત કરવાનો સમય છે. વિશ્વના ખૂણેખૂણામાં પહોંચવાનો સમય છે. વેલ્યુ એડેડ પ્રોડકટ બનાવવા તરફ પ્રયાસ કરવો પડશે. સતત વેલ્યુ એડીશન કરવું પડશે. વિવિધ ઇન્ડસ્ટ્રીઝ અને નિર્યાતકારોને સરકાર દરેક પ્રકારે સહયોગ આપશે તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

## ભારતને સ્વતંત્રતાના ૭૫ વર્ષ નિમિત્તે વડાપ્રધાનના નિર્યાતકારોને સૂચનો

- આજે જે દેશોમાં એકસપોર્ટ થઇ રહયું છે તે દેશોમાં જ અન્ય ૫ ડેસ્ટીનેશન જોડવામાં આવે.
- ભારતમાંથી ઓછામાં ઓછી નવી ૭૫ પ્રોડકટ અન્ય દેશોમાં લઇ જઇ શકીએ.
- ઇન્ડિયન ડાયસ્પોરાના રાજ્ય કક્ષાએ કેટલાક ગ્રૃપ બનાવીએ અને વિદેશના રાજ્યો સાથે એકસપોર્ટ વિષય ઉપર વર્ચ્યુઅલ સમીટ કરી શકીએ.
- રાજ્ય સરકાર ૫/૧૦ પ્રાયોરીટીની વસ્તુ નકકી કરીને વિદેશમાં મોકલવાનું લક્ષ્ય બનાવી શકે.